| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૩–૦૨–૨૦૨૧ |
| રજી.લીધા તારીખ | ૨૩–૦૨–૨૦૨૧ |
| ફેસલ તારીખ | ૨૬–૦૬–૨૦૨૨ |
| અવધિ | વર્ષ – માસ –દીવસો |

**<u>સુરતના ૧૧માં અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ ની કોર્ટમાં.</u>**

**ફોજદારી કેસ નં. ૨૨૨૭૬/૨૦૨૧**
**આંકઃ ૦૫**

**ફરીયાદીઃ શ્રી સરકાર**

વિરૂધ્ધ

**આરોપીઃ સતીષ મુલારામ બગેલ**

**<u>ગુનોઃ આઈ.પી.સી. કલમ–૨૭૯ મુજબ.</u>**

**<u>–// ચુકાદો //–</u>**

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ બનાવના સ્થળે અને સમયે સરેઆમ માર્ગમાં પોતાના કબજાનુ વાહનને લોકોના જાનમાલને નુકશાન થાય તથા જીવજોખમમાં મુકાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબનો ગુનો કરેલ છે.

**૨.** આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનું જાહેર કરી પુરસીસ રજુ કરેલ, જે સંદર્ભે આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા અંગે પૂછતા જણાવેલ છે કે, તેઓ તદન ગરીબ માણસ છે અને તેઓને હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે.

૩. આરોપીએ કરેલ ગુનો તે અંગેની સજાની જોગવાઇઓ તથા આરોપીની સામાજીક તથા કૌટુબિક જવાબદારી, તેની ઉંમર વિગેરે ધ્યાને લેતા આરોપીને સુધરવાની તક આપવી યોગ્ય અને વ્યાજબી જણાતુ હોય આરોપીને ગુના સબબ થોડી હળવી સજા કરી ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–ઃ હુકમ ઃ–**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂ.૨૦૦/– પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન– ૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ૨૬ મી માહે ૦૬ સને ૨૦૨૨ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૬/૦૬/૨૦૨૨
સુરત

(આશિમા ગર્ગ)
૧૧મા અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સુરત.
જીજે૦૧૬૫૪